<u>મહે. જયુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ. વલ્લભીપુર.</u>

ક્રિ.કેસ નં.૬૫૮/૨૦૨૨
આંક–૧ લગત હુકમ

ફરીયાદી : શ્રી સરકાર
વિરૂધ્ધ
આરોપી : અશોકભાઈ હનુભાઈ દેથળીયા

ગુન્હોઃ- પ્રોહી એકટની કલમ–૬૬(૧)(બી) મુજબ

આરોપી સામે હાલનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ થતાં આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ. તેને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા અંગેની ખાત્રી કરેલ. ત્યારબાદ આરોપીએ કબુલાત પુરસીસ આપી તેઓ સામેનો ગુનો કબુલ હોવાનું જણાવે છે. ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૧ હેઠળ તેઓને તેઓ સામેનો ગુન્હાનો સારાંશ જણાવી તેઓ ગુનો કબુલ કરે છે કે બચાવ કરવા માગે છે ? તે અંગે પ્રશ્ન પુછતાં આરોપીએ પોતાની સામેનો ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને તે સાથે ગુનો કરવા બદલ પસ્તાવો વ્યક્ત કરેલ છે અને ફરીથી ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. આરોપી ગુનાની કબુલાત કરવા બંધાયેલ નથી તેમ ગુનાની સજાની જોગવાઈ સમજાવવા છતા કબુલાતને વળગી રહેલ છે જે ન માનવાને કોઈ કારણ નથી.

આમ કેસની હકીકત, આરોપીના આર્થિક સંજોગો તેની સ્વૈચ્છીક કબુલાત તેમજ **નામદાર વડી અદાલતનો ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોર,** જી.એલ.આર.૨૦૦૫(૧) પાના નં.૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેતા પુરતા અને વ્યાજબી કારણો હોઈ તો કેસના સંજોગો ધ્યાને લઈ કાયદામાં કરેલ જોગવાઈથી ઓછી સજા અને દંડ કરી શકાય છે, હાલના કેસના સંજોગો તથા રેકર્ડ જોતા આરોપીને જો કાયદા અનુસાર સજા કરવામાં આવે તો આરોપી રીઢા ગુનેગારના સંપર્કમાં આવે તો તેના જીવન ઉપર વિપરીત અસર થાય તેમ છે તેમજ આરોપી કુટુંબ કબીલાવાળા છે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર ઈસમ છે, તેઓનો આ પ્રથમ ગુનો છે અને ગુનો કરવા બદલ પસ્તાવો વ્યક્ત કરે છે અને ફરીથી ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. તેમજ આરોપીની સામાજીક આર્થિક પરિસ્થિતિને ધ્યાને લઈ આરોપીને પુરેપુરી સજા નહી કરતા ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરવાથી ન્યાયનો હેતુ સચવાય તેવું જણાતું હોઈ ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

**--૦(આ ખ રી હુ ક મ )૦--**

- ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૫૨ અન્વયે આ કામના આરોપીને પ્રોહી એકટની કલમ–૬૬(૧)(બી) ના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રુ.૧૦૦/- (અંકે રુપિયા એકસો પુરા) નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન-૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ નેશનલ લોક અદાલતમાં સ્પેશ્યલ સીટીગમાં જાહેર કર્યો.

તા.૦૯/૦૯/૨૦૨૩
સ્થળઃ– વલ્લભીપુર.

( પ્રિયંકા જૈમિન સુરતી )
જયુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
વલ્લભીપુર.
કોડ નં.જીજે૦૧૫૭૦